કોંગ્રેસે પાણી-વીજળીની કટોકટી અને દુષ્કાળના મુદ્દે સરકારને ઘેરી

વહેલી ચૂંટણીના તુષાર ચૌધરીના દાવાથી ગરમાટો

જાન્યુઆરીથી માર્ચ ૨૦૨૭માં ચૂંટણી યોજવાની આશંકા વ્યક્ત કરી

ભાજપનો વળતો પ્રહાર, 'ચૂંટણી વહેલી થાય કે સમયસર, સરકાર તો અમારી જ બનશે'

ગાંધીનગરઃ ગુજરાતમાં ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો અત્યારથી જ તેજ બન્યો છે. મોરબીમાં યોજાયેલી 'ખેડૂત આક્રોશ મહાસભા'માં વિપક્ષના નેતા ડૉ. તુષાર ચૌધરીએ રાજ્યમાં નિયત સમય કરતાં વહેલી ચૂંટણી યોજાવાની શક્યતા વ્યક્ત કરતાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે આક્ષેપ-પ્રતિઆક્ષેપનો નવો મોરચો ખૂલ્યો છે. સૌરાષ્ટ્ર સહિતના વિસ્તારોમાં ઓછા વરસાદને પગલે પાણી અને વીજળીની કટોકટી સર્જાવાની આશંકા, ખેડૂતોના પ્રશ્નો અને દુષ્કાળ જાહેર કરવાની માગ વચ્ચે કોંગ્રેસે સરકારને ઘેરવાનો પ્રયાસ કર્યો છે. બીજી તરફ, ભાજપના પ્રવક્તા ડૉ. અનિલ પટેલે કોંગ્રેસના દાવાને ફગાવીને 'ચૂંટણી વહેલી થાય કે સમયસર, ગુજરાતમાં ભાજપની જ સરકાર બનવાની છે' એવો વળતો પડકાર ફેંક્યો છે.ડૉ. તુષાર ચૌધરીએ આક્ષેપ કર્યો હતો કે રાજ્ય સરકાર આગામી ઉનાળામાં પાણીની તંગી અને જનઆક્રોશ વધે તે પહેલાં જ ચૂંટણી યોજીને મતદારોનો વિશ્વાસ મેળવવા માગે છે. તેમના દાવા પ્રમાણે, જાન્યુઆરીથી માર્ચ ૨૦૨૭ દરમિયાન વહેલી ચૂંટણી યોજવાની દાનત હોઈ શકે છે. જોકે, વહેલી ચૂંટણી અંગેનો આ દાવો કોંગ્રેસના નેતાનું રાજકીય અનુમાન છે; ચૂંટણી વહેલી યોજવા અંગે સરકાર કે ચૂંટણી પંચ તરફથી કોઈ સત્તાવાર જાહેરાતનો ઉલ્લેખ સામે આવ્યો નથી.

'દુષ્કાળ જાહેર કરવાથી બચવા સરકાર ભાગેડુ વૃત્તિ અપનાવે છે'

ખેડૂત આક્રોશ મહાસભામાં કોંગ્રેસે ઓછા વરસાદના મુદ્દે રાજ્ય સરકારને નિશાન બનાવી હતી. ડો. તુષાર ચૌધરીએ કહ્યું હતું કે સૌરાષ્ટ્ર સહિતના વિસ્તારોમાં અછતની ગંભીર પરિસ્થિતિ હોવા છતાં સરકાર દુષ્કાળ જાહેર કરતી નથી. દુષ્કાળ જાહેર થાય તો ખેડૂતો અને સામાન્ય લોકોને સહાય તથા આર્થિક રાહત આપવાની જવાબદારી આવે, તેથી સરકાર આ જવાબદારીથી બચી રહી હોવાનો તેમણે આક્ષેપ કર્યો હતો. કોંગ્રેસે સિંચાઈ માટે પૂરતું પાણી, ખેડૂતોના પડતર પ્રશ્નોનું નિરાકરણ અને એક વર્ષના કૃષિ ધિરાણનું વ્યાજ માફ કરવાની માગ પણ ઉઠાવી હતી. આગામી એપ્રિલ-મે મહિનામાં ઉનાળાની તીવ્રતા વધતાં પાણીની સમસ્યા વધુ ગંભીર બની શકે છે અને તેના પગલે જનતામાં આક્રોશ ફાટી નીકળે તે પહેલાં સરકાર ચૂંટણી યોજવા માગે છે, એવી રાજકીય દલીલ પણ ચૌધરીએ રજૂ કરી હતી.

'અલ નીનોની અસર તુષારભાઈના મગજ પર પણ થઈ છે'

કોંગ્રેસના આક્ષેપોનો જવાબ આપતાં ભાજપના પ્રવક્તા ડો. અનિલ પટેલે આકરા શબ્દોમાં વળતો પ્રહાર કર્યો હતો. તેમણે કહ્યું હતું કે તુષાર ચૌધરી વિપક્ષના નેતા છે, પરંતુ તેમનું નિવેદન તર્કવિહોણું છે. જો વહેલી ચૂંટણી થાય તો પણ ભાજપની સરકાર બનશે અને સમયસર ચૂંટણી યોજાય તો પણ ભાજપ જ સત્તામાં આવશે, એવો દાવો તેમણે કર્યો હતો. ડો. અનિલ પટેલે કટાક્ષ કરતાં કહ્યું હતું કે, "મને લાગે છે કે અલ નીનોની અસર દેશના હવામાન અને ગુજરાતના વાતાવરણ પર થઈ છે, પરંતુ તેની અસર તુષારભાઈ ચૌધરીના મનોમસ્તિષ્ક પર પણ થઈ છે. તેમનું મસ્તિષ્ક વિચારશૂન્ય અને તર્કશૂન્ય થઈ ગયું છે, તેથી તેમણે જાહેર સભામાં કોઈપણ પ્રકારના તર્ક વગરની વાત કરી છે." તેમણે વધુમાં જણાવ્યું હતું કે ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી ડિસેમ્બર ૨૦૨૭માં યોજાવાની છે અને કોંગ્રેસ વહેલી ચૂંટણી અંગે દિવાસ્વપ્ન જોઈ રહી છે. ભાજપના પ્રવક્તાએ કોંગ્રેસ પર ખેડૂતોની મુશ્કેલીઓને રાજકીય મતબેંક તરીકે ઉપયોગમાં લેવાનો આક્ષેપ પણ કર્યો હતો.

અંકલેશ્વરમાં હાઈવે પર નિલેશ ચોકડી ઓવરબ્રિજ સાથે કન્ટેનર ભટકાયું

સુરતથી વડોદરા જઈ રહેલું કન્ટેનર ઓવરબ્રિજ નીચે ફસાયું

સલામતીને લઈ વાહનવ્યવહાર બંધ, અનેક વાહનચાલકો અટવાયા

પ્રવીણ તેરૈયા, સુરેશ ગાંધી

અંકલેશ્વર, ભરૂચઃ અંકલેશ્વરના NH-48 પર નિલેશ ચોકડી ઓવરબ્રિજ સાથે સુરતથી વડોદરા જઈ રહેલું કન્ટેનર ભટકાયું હતું, જેમાં ઓવરબ્રિજનો ભાગ ક્ષતિગ્રસ્ત થયો છે. આ ઘટના મધ્ય રાત્રિએ બની હોવાનું જાણવા મળ્યું છે. કન્ટેનર ચાલકને ઓવરબ્રિજની ઊંચાઈ કરતાં વાહનની ઊંચાઈ વધારે હોવાની જાણ ન હોવાથી આખરે કન્ટેનર ભટકાઈ ગયું હતું. સુરક્ષાના ધ્યાને લઈને વાહનવ્યવહાર બંધ કરાતાં અનેક વાહનચાલકો અટવાઈ ગયા હતા. ઘટનાને પગલે પ્રતિન ચોકડીથી જીઆઈડીસીને જોડતા બ્રિજ પર વાહનવ્યવહાર બંધ થતાં ટ્રાફિક પર પણ અસર જોવા મળી હતી. ઘટનાની જાણ થતાં જ DPMC અંકલેશ્વર અને નોટિફાઇડ એરિયા ઓથોરિટીના જવાનો સ્થળ પર પહોંચીને જાતે નિરીક્ષણ કર્યું હતું. ચીફ ઓફિસર એન.એ.ચૌહાણએ જણાવ્યું કે, રિપોર્ટ અને સમારકામ બાદ બ્રિજ ફરી શરૂ કરી દેવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, નિલેશ ચોકડી ઓવરબ્રિજની ઊંચાઈ 4.5થી 5 મીટર છે. માર્ગના સમારકામથી રોડનું લેવલ ઊંચું આવતાં બ્રિજની ઊંચાઈ ઘટી રહી છે, જેથી સમસ્યા સર્જાઈ છે.

તીઘરા ગામમાં એસઓજીએ 12 કરોડનો નશીલો પદાર્થ જપ્ત કર્યો

નશાની ગોળીઓ બનાવી મહારાષ્ટ્ર અને યુપીમાં સપ્લાય કરતા બે શખ્સને ઝડપી પાડ્યા

વાપીઃ વાપી નજીક સંઘપ્રદેશના દાદરાને અડીને આવેલા તીઘરા ગામમાં એક દુકાનમાં વાપી સ્થિત એસઓજીની ટીમે રેડ કરીને 12 કરોડના નશીલા પદાર્થ સાથે બે શખ્સોને ઝડપી પાડ્યા હતા.

વલસાડ એસઓજી ટીમે બાતમીના આધારે વાપી નજીક તીઘરા ગામમાં રેડ કરી હતી. જ્યાં બે શખ્સને ઝડપી પાડી 2500 કિલો જેટલો નશીલો પદાર્થ કબજે લીધો હતો. તેની કિંમત 12 કરોડ જેટલી બતાવવામાં આવે છે. સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ વાપી નજીક તીઘરામાં એક દુકાનમાં આ નશીલો કારોબાર ચાલતો હતો, જેમાં પાઉડરમાંથી નશીલી ગોળીઓ બનાવી મહારાષ્ટ્ર તેમજ યુપી સુધી મોકલવામાં આવતી હતી. એસઓજીની ટીમે હમણાં તો નશીલો પદાર્થ તેમજ અન્ય ચીજવસ્તુઓને કબજે લઈ વધુ તપાસ હાથ ધરી છે. ઝડપાયેલું ડ્રગ્સ કેનોબી હોવાની આશંકા દર્શાવવામાં આવી રહી છે. વાપી એસઓજીની ટીમે રાત્રે આ નશીલા પદાર્થ સહિતની સામગ્રીને જપ્ત કરી હતી. જ્યારે ઝડપાયેલા બંને શખ્સોની સઘન પૂછપરછ પણ શરૂ કરી હતી. આ નશીલો કારોબાર ક્યારથી ચાલતો હતો? તેમજ આની પાછળ કોનો દોરીસંચાર છે? જેવી વિગતો બહાર લાવવા હમણાં તો વલસાડ જિલ્લા પોલીસની એસઓજીની ટીમ કાર્યરત છે. આ ડ્રગ્સ બનાવવામાં કાચો માલ કોણ સપ્લાય કરતું હતું? જેવા સવાલોના જવાબ તપાસમાં બહાર આવશે.

સાંધિએર દૂધમંડળીના ઉપપ્રમુખ સામે તપાસ કરી 5 દિવસમાં અહેવાલ આપો

કલમ ૯૩ હેઠળ કાર્યવાહી કરવાની માંગ, જિલ્લા રજિસ્ટ્રારે મંડળી પાસેથી હકીકતલક્ષી અહેવાલ અને આધાર-પુરાવા માંગ્યા

સુરત, સાયણઃ ઓલપાડ તાલુકાના સાંધિયેર ગામની સાંધિયેર દૂધ ઉત્પાદક સહકારી મંડળી.ના ઉપપ્રમુખ બ્રિજેશભાઈ ગુણવંતલાલ પટેલ સામે સહકારી કાયદાની કલમ ૯૩ હેઠળ કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે. આ અંગે કરવામાં આવેલી રજૂઆતના અનુસંધાને જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુરત દ્વારા મંડળીને પત્ર પાઠવી પાંચ દિવસમાં હકીકતલક્ષી અહેવાલ અને તેને સમર્થન આપતા સાધનિક આધાર-પુરાવા રજૂ કરવા જણાવવામાં આવ્યું છે.

મનોજભાઈ પ્રમોદભાઈ પટેલ, સંકેતભાઈ હરીશભાઈ પટેલ અને અજીતભાઈ મંગુભાઈ પટેલ દ્વારા કરવામાં આવેલી રજૂઆતમાં મંડળીના વહીવટ અને ઉપપ્રમુખ સંબંધિત વિવિધ મુદ્દાઓની તપાસ કરવાની માંગ કરવામાં આવી છે. રજૂઆતમાં દૂધ ભરવાની વિગતો, ધિરાણની શરતો, સબસિડીયુક્ત બલ્ક મિલ્ક કુલરની વ્યવસ્થા તથા સુમુલ ડેરીને સંભવિત રીતે થયેલા આર્થિક નુકસાન સહિતના મુદ્દાઓની તપાસની માંગણી કરવામાં આવી હતી.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા ૧૬ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ પાઠવવામાં આવેલા પત્રમાં સંબંધિત મંડળી પાસેથી નિર્ધારિત સમયમર્યાદામાં હકીકતો અને દસ્તાવેજો રજૂ કરવા જણાવાયું છે.હવે મંડળીના વહીવટીતંત્રે ફરિયાદમાં ઉઠાવવામાં આવેલા મુદ્દાઓ અંગે જવાબ રજૂ કરવો પડશે.

ફરિયાદ પક્ષનું કહેવું છે કે જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા અહેવાલ માગવામાં આવ્યો હોવાથી સમગ્ર મામલામાં પારદર્શકતા જાળવી નિષ્પક્ષ તપાસ થવી જોઈએ. દૂધ ઉત્પાદક સહકારી મંડળીના વહીવટમાં જવાબદારી નક્કી થાય અને સહકારી સંસ્થાના હિતોનું રક્ષણ થાય તે માટે સંબંધિત દસ્તાવેજોની ચકાસણી જરૂરી છે. હાલ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા અહેવાલ મંગાવવામાં આવ્યો છે. જોકે, ફરિયાદમાં કરવામાં આવેલા આક્ષેપો અંગે મંડળીનો જવાબ અને તપાસના અંતિમ તારણો સામે આવ્યા બાદ જ સમગ્ર મામલાની વાસ્તવિક સ્થિતિ સ્પષ્ટ થશે.

અટોદરાના સરપંચ સામેની તપાસની એક મહિનાથી TDOને જાણ જ નથી!

ડીડીઓ અને વિકાસ કમિશનરની સૂચના છતાં તપાસમાં ઢીલનો આક્ષેપ

સુરતઃ અટોદરા ગ્રામ પંચાયતના વોર્ડ નં. ૮ના ચૂંટાયેલા સભ્ય દ્વારા તત્કાલીન સરપંચ નઝીર ગુલામ મુસ્તુફા મીરઝાના કાર્યકાળ દરમિયાન થયેલા નાણાકીય વ્યવહારોની તપાસ કરાવવા વિકાસ કમિશનરને રજૂઆત કરવામાં આવી હતી. રજૂઆતમાં જણાવ્યા મુજબ, સરસ ગામની શ્રી કાંઠા વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ.ના કથિત નાણાકીય કૌભાંડ સંદર્ભે ઓલપાડ કોર્ટમાં રજૂ થયેલી ચાર્જશીટમાં તત્કાલીન સરપંચનું નામ આરોપી નં. ૭ તરીકે દર્શાવવામાં આવ્યું છે. આ મામલે પંચાયતના નાણાકીય વહીવટની તપાસ જરૂરી હોવાની માગ ઊઠી હતી. આ મામલે તપાસની જવાબદારી ટીડીઓને સોંપવામાં આવી હોવા છતાં એક મહિનાથી વધુ સમય બાદ પણ તપાસ અંગે જાણ ન હોવાની સ્થિતિ વહીવટી સંકલન અને જવાબદારી સામે ગંભીર પ્રશ્નો ઊભા કરે છે. ડીડીઓ અને વિકાસ કમિશનરની સૂચનાઓ પછી પણ તપાસની કામગીરી શરૂ થઈ છે કે નહીં, દસ્તાવેજો મંગાવવામાં આવ્યા છે કે નહીં અને તપાસમાં વિલંબ માટે જવાબદાર કોણ છે, તે મુદ્દાઓ સ્પષ્ટ થવા જરૂરી છે.

બેંક ખાતાંથી ગ્રાન્ટ સુધીના હિસાબોની તપાસ જરૂરી

અરજદારે તત્કાલીન સરપંચના કાર્યકાળ દરમિયાન પંચાયતનાં બેંક ખાતાં, ચેકથી થયેલી ચુકવણીઓ, કેશબુક, લેજર, બિલ-વાઉચર, સરકારી ગ્રાન્ટ, વિકાસકામોની ચુકવણી, કામના હુકમો અને ઠરાવપોથીની તપાસ કરવાની માગ કરી છે. જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી અને રકમની વસૂલાત કરવાની પણ માગ છે.

અનુસંધાન... પાના છેલ્લાનું

DGVCLએ...

રાબેતા મુજબ ચાલુ રહેશે. હવે ગરમીમાં ઘટાડો અને વીજ વપરાશમાં રાહત મળતાં ઔદ્યોગિક ફીડરો પરનો વીજકાપ રદ કરવાનો નિર્ણય લેવાયો છે. પીવાના પાણી અને સિંચાઈની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને જળસંગ્રહનો ઉપયોગ કરવામાં પણ મર્યાદાઓ હતી.

સુરતની જાણીતી...

કરતા હોય છે અને એક જ દિવસમાં કરોડો રૂપિયાની ઘારી આરોગી જતા હોય છે. લોકોના સ્વાસ્થ્ય સાથે કોઈ ચેડા ન થાય અને નાગરિકોને શુદ્ધ તેમજ ગુણવત્તાયુક્ત મિઠાઈ મળી રહે તે હેતુસર સુરત મહાનગરપાલિકાનું આરોગ્ય વિભાગ સંપૂર્ણપણે એક્શન મોડમાં આવ્યું છે. ફૂડ સેફ્ટી અધિકારીઓ દ્વારા સતત બીજા દિવસે પણ શહેરના વિવિધ વિસ્તારોમાં સઘન ચેકિંગ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. આ વિશેષ ચેકિંગ દરમિયાન ઘારીનું ઉત્પાદન અને વેચાણ કરતી શહેરની કુલ ૧૦ જાણીતી સંસ્થાઓ પર સ્થળ તપાસ કરી ફૂડ સેફ્ટીના કુલ ૨૦ નમૂનાઓ લઈને ચકાસણી અર્થે લેબમાં મોકલી આપવામાં આવ્યા છે. લેબ રિપોર્ટ આવ્યા બાદ 'ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬' મુજબ કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

બારડોલી સુગરની...

દ્વારા ૧૮ ઓગસ્ટ-૨૦૨૬ના રોજ જાહેર કરાયેલા ખાંડ મંડળીના ચૂંટણી પરિણામોને કાયદાકીય નિયમોના ભંગ બદલ ગંભીર રીતે પડકારવામાં આવ્યાં છે. અરજદારો દ્વારા જણાવવામાં આવ્યું છે કે, ૧૯૮૨ના ગુજરાત સ્પેશિફાઈડ સોસાયટીઝ ઈલેક્શન ટુ કમિટી રૂલ્સના નિયમ ૩એ(૮) તથા ગુજરાત હાઈકોર્ટના ફુલ બેન્ચના ચુકાદા મુજબ દરેક મતદાર ફક્ત પોતાના જ નિર્ધારિત જૂથ કે મતદાર મંડળમાં જ મતદાન કરી શકે તેવી સ્પષ્ટ જોગવાઈ છે. પરંતુ આ ચૂંટણીમાં એક જ મતદારને અન્ય મતદાર જૂથોમાં પણ મત આપવાની છૂટ આપીને ગેરરીતિ આચરવામાં આવી છે, જેનાથી ચૂંટણીનાં પરિણામો પર ગંભીર અસર પડી છે અને વાસ્તવિક પરિણામો બદલાયાં છે. સરકારી પરિપત્રો અને પ્રસ્થાપિત કાનૂની સિદ્ધાંતોનું પાલન કર્યા વિના યોજાયેલી આ પ્રક્રિયાને કારણે વિજેતા બનેલા સામાવાળા સભ્યો કાયદેસર રીતે સમિતિના સભ્ય તરીકે ચુંટાયેલા ન હોવાનું સ્પષ્ટ કર્યું છે.

અરજદારોના જણાવ્યા મુજબ, ૧૮ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ જાહેર થયેલા પરિણામોમાં ૧૯૮૨ના નિયમ ૩એ(૮) તથા ગુજરાત હાઈકોર્ટના ફુલ બેન્ચના ચુકાદાનો ભંગ કરવામાં આવ્યો છે. એક જ મતદારને અન્ય જૂથોમાં પણ મત આપવાની છૂટ આપી ગેરરીતિ કરાઈ હોવાથી ચૂંટણી પરિણામો પ્રભાવિત થયાં છે. આથી, જૂથ નં.૧થી ૧૧નું સમગ્ર ચૂંટણી પરિણામ રદબાતલ ઠરાવીને નિષ્પક્ષ રીતે ફરીથી ચૂંટણી યોજવાની ટ્રીબ્યુનલ સમક્ષ માંગ કરવામાં આવી છે.

લિંબાયત,...

સુધી પાણીનો પુરવઠો બંધ રહેશે અથવા ઓછા પ્રેશર સાથે મળશે. આ પાણીકાપથી આશરે 10 લાખ લોકો પ્રભાવિત થવાના હોવાથી નાગરિકોને અગાઉથી જ જરૂરી પાણીનો સંગ્રહ કરી તેનો કરકસરપૂર્વક ઉપયોગ કરવા અપીલ કરવામાં આવી છે.

કયા કયા...

ડુંડીગામ, વડોદગામ, નવા બમરોલી, ભેસ્તાન આવાસ અને રેલવે ટ્રેક પૂર્વ તરફના વિસ્તારો.

- **અન્ય વિસ્તારોઃ** જીઆવ, બુડિયા, સોનારી ગામ, બમરોલી ગામ, ગીતાનગર, રામેશ્વરમ ગ્રીન, કૈલાશ નગર અને આસપાસના તમામ લાગુ વિસ્તારો

કડોદની મદ્રેસા...

સુરત) દ્વારા બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનમાં જાણ કરાતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પથ્થર મારનાર...

ઓળખ ગોલુ કુમાર ચૌધરી (22), સંદેશ કુમાર (18) અને મંતોષ મુખિયા (18) તરીકે થઈ છે. ત્રણેય બિહારના રહેવાસી છે અને છેલ્લા બે વર્ષથી સુરતમાં રેલવે લાઈનથી થોડે દૂર આવેલી એક ફેક્ટરીમાં મજૂરી કરે છે. આ મામલે રેલવે અધિનિયમની કલમ 153 હેઠળ 19 ઓક્ટોબરના રોજ કેસ નોંધવામાં આવ્યો હતો.

1થી 3ના...

છે. શિક્ષકોનું સ્પષ્ટપણે માનવું છે કે આ પ્રકારની કામગીરીથી માત્ર મૂલ્યાંકનની ગુણવત્તા પર જ અસર પડતી નથી, પરંતુ નીચલા વર્ગોના શિક્ષકો પર માનસિક અને કાર્યકારી બોજ પણ અકારણ વધી જાય છે. આ મામલે શિક્ષકો દ્વારા ઉચ્ચ કક્ષાએ રજૂઆતો કરવામાં આવી છે. શિક્ષકોની મુખ્ય માંગ છે કે ઉત્તરવહી ચકાસણીની કામગીરીની સોંપણી તર્કસંગત અને સમાન ધોરણે થવી જોઈએ, જેથી કોઈ એક વર્ગના શિક્ષકો પર અયોગ્ય ભારણ ન આવે. આ સમગ્ર વિવાદ અને શિક્ષકોની વ્યાપક રજૂઆતો બાદ શિક્ષણ સમિતિ તંત્ર દ્વારા આ મામલે ગંભીરતા દાખવીને તપાસનો દોર શરૂ કરવામાં આવ્યો છે. આગામી સમયમાં આ વિસંગતતા દૂર થાય અને ન્યાયી વ્યવસ્થા ગોઠવાય તેવી શિક્ષકો આશા સેવી રહ્યા છે.

ફટાકડા ફૂટે...

અને યુવાનોમાં નવી વેરાયટીનું આકર્ષણ જોવા મળી રહ્યું છે.

ફટાકડાના વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓના જણાવ્યા અનુસાર, ફટાકડા બનાવવામાં વપરાતા કાચા માલની કિંમતોમાં નોંધપાત્ર વધારો થયો છે. અગાઉ સલ્ફરની કિંમત પ્રતિ કિલો 75 રૂપિયા હતી, જે વધીને 140 રૂપિયા સુધી પહોંચી ગઈ હતી. હાલમાં તેના ભાવ ઘટીને આશરે 100 રૂપિયા પ્રતિ કિલો થયા છે. આ ઉપરાંત એલ્યુમિનિયમ અને સોડિયમ નાઈટ્રેટ સહિતની અન્ય જરૂરી સામગ્રીના ભાવમાં પણ આશરે 30 ટકાનો વધારો થયો છે. કાચા માલની મોંઘવારીની સીધી અસર ફટાકડાના ઉત્પાદન ખર્ચ અને છૂટક વેચાણના ભાવ પર પડી છે.

કયા કયા પ્રકારની...

ઇકો-ફ્રેન્ડલી ફટાકડાની 250થી વધુ વેરાયટી પણ ઉપલબ્ધ

- બાળકો માટે ઓછા અવાજવાળા ફટાકડાના વિકલ્પો પણ બજારમાં જોવા મળી રહ્યા છે.

ફટાકડા માટેના...

છે. વેપારીઓ દ્વારા સ્ટોલ પર વિવિધ પ્રકારના ફટાકડાનો પૂરતો જથ્થો ઉપલબ્ધ કરાવવામાં આવ્યો છે.

વલસાડની શાહ...

છે. એડ્વોકેટ ભાવેશ રબારીએ રજૂઆતમાં આક્ષેપ કર્યો છે કે કોલેજમાં પૂરતા અધ્યાપકો ન હોવાથી રોજનાં છ લેક્ચરને બદલે માત્ર એક જ લેક્ચર લેવામાં આવે છે અને બાકીનાં લેક્ચર અધ્યાપકોના અભાવે યોજાતાં નથી. આવી સ્થિતિમાં વિદ્યાર્થીઓની હાજરી પૂરતી ન રહેવા પાછળ કોલેજની વ્યવસ્થા પણ જવાબદાર હોવાનો દાવો કરવામાં આવ્યો છે. રજૂઆતમાં વધુમાં જણાવાયું છે કે વિદ્યાર્થીઓએ આ અંગે યુનિવર્સિટીને જાણ કરી છે અને કોલેજના ટ્રસ્ટી મંડળે પણ તેમની રજૂઆતને સમર્થન આપ્યું છે. અન્ય લો કોલેજોમાં ઓછી હાજરીના આધારે આ રીતે વિદ્યાર્થીઓને પરીક્ષાથી વંચિત રાખવામાં આવતા ન હોવાનો દાવો કરીને વિદ્યાર્થીઓના ભવિષ્યને ધ્યાનમાં રાખી નિર્ણય લેવા માંગ કરવામાં આવી છે. આશરે 70 વિદ્યાર્થીનું એક વર્ષ બગડે નહીં એ માટે એલએલ.એમ. સેમેસ્ટર-3 તથા એલએલ.બી. સેમેસ્ટર-3 અને સેમેસ્ટર-1ના વિદ્યાર્થીઓને પરીક્ષા આપવા દેવા અને બાકી રહેલાં પેપર ફરીથી યોજવા યુનિવર્સિટી સમક્ષ વિનંતી કરવામાં આવી છે.

અનુસંધાન... પાના પહેલાનું

અરુણાચલમાં ચીન...

પોતાની તૈનાતી વધારી દીધી છે. બંને દેશો વચ્ચે ત્રણ ઉચ્ચ સ્તરીય બેઠકો યોજાવા છતાં તણાવ ઓછો થયો નથી. ગલવાન જેવી ઘટનાનું પુનરાવર્તન ન થાય તે માટે આઈટીબીપીનું મુખ્ય ધ્યાન હવે ડ્રોન ફોર્સ પર છે. આધુનિકીકરણ યોજના હેઠળ ડ્રોન અને એન્ટી-ડ્રોન સિસ્ટમ માટે મોટાપાયે બજેટ ફાળવવાની તૈયારી છે અને તમામ બોર્ડર બટાલિયનમાં ડ્રોન પ્લેટૂન બનાવવામાં આવી છે. આ ઉપરાંત એલએસી પર જમીનની અંદર અતિસુરક્ષિત બંન્કર્સ અથવા ભૂમિગત શેલ્ટર બનાવવામાં આવી રહ્યા છે, તેમજ જવાનોને આધુનિક યુદ્ધ કૌશલ્ય માટે ખાસ 'સ્ટ્રાઈક' ટ્રેનિંગ આપવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે 15 જૂન 2020ના રોજ લડાખની ગલવાન ઘાટીમાં થયેલી લોહિયાળ અથડામણમાં 20 ભારતીય જવાનો શહીદ થયા હતા, જેના પછી બંને દેશો વચ્ચે સરહદી વિવાદ ચરમસીમાએ પહોંચ્યો હતો. ઈન્ડો-તિબેટન બોર્ડર પોલીસ(ITBP), જેની સ્થાપના ૧૯૬૨માં કરવામાં આવી હતી, તે ચીન સાથેની ૩,૪૮૮ કિલોમીટર લાંબી લાઈન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ(LAC) પર પહેરો ભરવાનું કામ કરે છે.

કપૂર, જેઓ ૩૧ ઓક્ટોબરે સેવા નિવૃત્ત થવાના છે, તેમણે ૨૪ ઓક્ટોબરે દળના ૬૫મા સ્થાપના દિવસ નિમિત્તે યોજાયેલા સન્માન સમારોહ દરમિયાન પોતાના દળના જવાનોને સંબોધિત કરી રહ્યા હતા. તેમણે કહ્યું કે ચીન સરહદ આપણી 'સૌથી મુશ્કેલ' સરહદ છે, અને ચીન એક 'શક્તિશાળી' પડોશી તથા ભારતનો 'સૌથી મોટો શત્રુ' દેશ છે, જેનો 'સામનો' કરવા માટે ક્ષમતાઓ વધારવી જરૂરી છે.

ચીની દળો...

સમજણને સુધારવાની રીતો પર ચર્ચા કરવા માટે પણ સંમત થયા છે. તેમણે કહ્યું, 'હું એ વાત પર પણ ભાર મૂકવા માંગુ છું કે સરહદી વિસ્તારોમાં શાંતિ અને સુલેહ-શાંતિની જાળવણી એ દ્વિપક્ષીય સંબંધોના એકંદર વિકાસ માટે અત્યંત જરૂરી છે.' 'બંને પક્ષો લાઈન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ પર બાકી રહેલા મુદ્દાઓને ઉકેલવા તથા કોઈપણ પ્રકારની ગેરસમજ અને ખોટી ગણતરી ટાળવા માટે હાલની રાજદ્વારી અને સૈન્ય વ્યવસ્થાનો ઉપયોગ કરવાનું ચાલુ રાખશે,' તેમણે કહ્યું. જયસ્વાલે જણાવ્યું હતું કે, બંને પક્ષો સીમા વ્યવસ્થાપનને વધુ બહેતર બનાવવા માટે યોગ્ય વિસ્તારોમાં LACની સમજણમાં સુધારો કરવાના માર્ગો પર ચર્ચા કરવા માટે પણ સંમત થયા છે.

કોંગ્રેસના વડાપ્રધાન...

ગણાવ્યા હતા અને કહ્યું કે ભારતના હિતોનું બલિદાન આપી શકાય નહીં. પાર્ટીએ જણાવ્યું હતું કે ITBPના મહાનિર્દેશક શત્રુજીત કપૂર દ્વારા એ વાત સ્વીકારવામાં આવી છે કે સરહદ પર ચીન સાથે ઘર્ષણ ચાલુ છે. કોંગ્રેસે દાવો કર્યો હતો કે પૂર્વી લદ્દાખમાં હિંસા બાદ 2020માં વડાપ્રધાન દ્વારા આપવામાં આવેલી 'ક્લીન ચીટ'ના કારણે ચીનને અરુણાચલ પ્રદેશમાં પ્રોત્સાહન મળ્યું. કોંગ્રેસના દાવાઓ અને આક્ષેપો પર સરકાર કે ભાજપ તરફથી કોઈ તાત્કાલિક પ્રતિક્રિયા આવી ન હતી. એક્સ પર એક પોસ્ટમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું હતું કે, 'ચીનને પૂરતી ક્લીન ચીટ મળી ચૂકી છે. પીએમ મોદીએ ભારત સમક્ષ ખુલાસો કરવો જ પડશે!' કોંગ્રેસ મહામંત્રી જયરામ રમેશે સવાલ કર્યો કે, 'ઓગસ્ટમાં તાકસિંગ નજીક ચીની ઘૂસણખોરીના અહેવાલો આવ્યા હતા. છતાં, વચા ડામાઈ ખાતે કોર્પ્સ કમાન્ડર સ્તરની વાતચીતના 47 દિવસ પછી પણ, જે કથિત રીતે માત્ર 180 કિમી દૂર છે, ઘર્ષણ ચાલુ છે. શું ભારતની પેટ્રોલિંગ કરવાની પહોંચ સાથે ચેડાં કરવામાં આવ્યા છે? અરુણાચલ પ્રદેશ ભારતનું અભિન્ન અંગ છે. શા માટે રાષ્ટ્રને અંધારામાં રાખવામાં આવી રહ્યું છે?', સાથે જ તેમણે એ પણ સવાલ કર્યો કે શું ભારતના મે 2020 પહેલાના પેટ્રોલિંગના અધિકારો સંપૂર્ણપણે પુનઃસ્થાપિત કરવામાં આવ્યા છે. કોંગ્રેસ નેતાએ જણાવ્યું કે, ''19 જૂન, 2020 ના રોજ પીએમે આપેલા 'ક્લીન ચીટ'ની કિંમત દેશ ચૂકવી રહ્યો છે, જ્યારે 20 બહાદુર જવાનો શહીદ થયા પછી તેમણે કહ્યું હતુંઃ 'ના કોઈ વહાં હમારી સીમા મેં ઘુસ આયા હૈ ઔર ના હી કોઈ ઘુસા હુઆ હૈ, ના હી હમારી કોઈ પોસ્ટ કિસી દૂસરે કે કબજે મેં હૈ'.''

ડ્રોન ક્ષમતા...

છે,' એમ આઈટીબીપીના વડાએ કહ્યું હતું. તેમણે નોંધ્યું હતું કે યુક્રેન સાથેના યુદ્ધમાં દર મહિને લગભગ ૧૦,૦૦૦થી ૧૫,૦૦૦ રશિયન સૈનિકો માર્યા જાય છે. ડીજી (DG) એ કહ્યું, રશિયા એક મોટો દેશ અને મહાસત્તા છે. તેઓ વિચારતા હતા કે તેઓ ૧-૨ મહિનામાં યુક્રેન પર કબ્જો કરી લેશે, પરંતુ આ ચોથું વર્ષ ચાલી રહ્યું છે, અને દર મહિને રશિયનો પાસે ૧૦-૧૫ હજાર મૃતદેહો પહોંચી રહ્યા છે.' ત્યારબાદ કપૂરે ઈરાન-અમેરિકા યુદ્ધનું ઉદાહરણ આપતા નોંધ્યું કે ઈરાને એરફોર્સ, નેવી કે આર્મી વગર જ વૈશ્વિક મહાસત્તા સાથે યુદ્ધ લડી રહ્યું છે.'ડ્રોન આવ્યા પછી પરંપરાગત સૈન્યોની ભૂમિકા બદલાઈ ગઈ છે, અને આપણે ડ્રોન તથા એન્ટી-ડ્રોન સિસ્ટમ્સને મોટા પાયે અપનાવવી જ પડશે,' તેમ તેમણે કહ્યું હતું. કપૂરે જણાવ્યું હતું કે પહાડી યુદ્ધ ક્ષેત્ર માટે તાલીમબદ્ધ અને લગભગ ૯૫,૦૦૦ જવાનોનું બળ ધરાવતી આઈટીબીપી (ITBP) ને સરકાર તરફથી □૪૦૦ કરોડનું ફંડ મળ્યું છે અને આ ફંડમાંથી ૭૦ ટકા રકમ દળની ડ્રોન યુદ્ધ ક્ષમતાઓને વધારવા માટે અનામત રાખવામાં આવી છે.

તિબેટના ભૂકંપમાં...

શિન્હુઆના જણાવ્યા અનુસાર, ભૂકંપ બાદ ચીને કટોકટી આપત્તિ રાહત ભંડોળમાં ૫ કરોડ યુઆન(લગભગ ૭૫ લાખ ડોલર) ફાળવ્યા છે અને પુનઃપ્રાપ્તિના પ્રયાસો માટે બીજા ૩ કરોડ યુઆન ફાળવ્યા છે. અગાઉના અહેવાલો મુજબ, ભૂકંપમાં ૩૩૦થી વધુ ઘરો ધરાશાયી થયા હતા અથવા ક્ષતિગ્રસ્ત થયા હતા, અને નુકસાનની મર્યાદાનું આંકલન કરવામાં આવી રહ્યું છે. ૭૬ ઘાયલોની વિગતવાર માહિતી, જેમાં ગંભીર રીતે ઘવાયેલા લોકોની સંખ્યા પણ સામેલ છે, તે તરત જ ઉપલબ્ધ થઈ શકી નહોતી. ચાઈના રેલવે કિંગહાઈ-ઝિઝાંગ ગ્રુપ કંપની લિમિટેડે જણાવ્યું હતું કે, કિંગહાઈ-ઝિઝાંગ રેલવેના અસરગ્રસ્ત વિભાગ પર પેસેન્જર ટ્રેનોએ શુક્રવારે સવારે ધીમી ઝડપે કામગીરી પુનઃશરૂ કરી હતી. સ્ટેટ ગ્રીડ ઝિઝાંગ ઈલેક્ટ્રિક પાવર કંપની લિમિટેડે જણાવ્યું હતું કે, શુક્રવારે સવારે ૧૦ વાગ્યા સુધીમાં બાકેન કાઉન્ટીના ભૂકંપગ્રસ્ત વિસ્તારમાં ૧,૯૩૭ પરિવારો માટે વીજળી પુનઃસ્થાપિત કરવામાં આવી હતી. ભૂકંપના કેન્દ્રબિંદુ આસપાસનો વિસ્તાર સરેરાશ ૪,૮૦૦ મીટરથી વધુની ઊંચાઈ ધરાવે છે. સ્થાનિક હવામાન વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે, આગામી ત્રણ દિવસમાં તાપમાન માઈનસ નવ ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટી જવાની ધારણા છે, અને શનિવારે એપિસેન્ટર નજીકના ત્રણ ટાઉનશીપમાં તૂટક તૂટક હિમવર્ષાની આગાહી છે. ચીનના પ્રમુખ શી જિનપિંગે ગુમ થયેલા લોકો માટે સર્ચ અને બચાવ કામગીરી હાથ ધરવા તથા ઘાયલોને તાત્કાલિક તબીબી સારવાર આપવાનો આદેશ આપ્યો છે.

ચૂંટણી પંચ...

આયોજકોએ જણાવ્યું છે કે આ અભિયાન અંતર્ગત 1 નવેમ્બર સુધી દેશભરના 18 રાજ્યોના 88 શહેરોમાં 145થી વધુ સંગઠનો દ્વારા વિરોધ પ્રદર્શનો યોજવામાં આવશે અને આગામી દિવસોમાં આ આંદોલનને વધુ તીવ્ર બનાવવામાં આવશે.

બ્રેન્ટ ક્રૂડ...

નવેસરથી સૈન્ય હુમલા કરવાનું વિચારી રહ્યું છે - તે ભાવ વધવા માટે પૂરતું છે. ઈરાન યુદ્ધ શરૂ થયું તે પહેલા ફેબ્રુઆરીમાં તેલનો ભાવ પ્રતિ બેરલ આશરે ૭૨ ડોલર આસપાસ ટ્રેડ થઈ રહ્યો હતો, પરંતુ એપ્રિલના અંત સુધીમાં તે ઊછળીને પ્રતિ બેરલ ૧૨૬ ડોલર સુધી પહોંચી ગયો હતો.

શેરબજારમાં ચાર...

રિસર્ચ હેડ સિદ્ધાર્થ ખેમકાના જણાવ્યા અનુસાર, પશ્ચિમ એશિયામાં સપ્લાય ખોરવાઈ જવાની ભીતિ વચ્ચે વૈશ્વિક ક્રૂડ ઓઈલનો ભાવ બેરલદીઠ 115 ડોલર વટાવીને 116.73 ડોલરની પાંચ મહિનાની ઊંચી સપાટીએ પહોંચી ગયો છે, જેણે ફુગાવાની ચિંતા વધારી દીધી છે. સેન્સેક્સમાં ટાટા સ્ટીલ અને અદાણી પોર્ટ્સના શેર 3 ટકાથી વધુ તૂટ્યા હતા. બીજી તરફ, જિયો પ્લેટફોર્મ્સનો 30,213 કરોડનો આઈપીઓ 22.19 ગણો ભરાયો છે અને તેનું લિસ્ટિંગ 28 ઓક્ટોબરે થશે.

ભારતીયો, વિદેશીઓ...

પ્રસ્તાવ મૂક્યો છે. ડ્રાફ્ટ નિયમોમાં એવા દસ્તાવેજોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે જેનો ઉપયોગ અરજદારો ઓળખ, ઉંમર અને રહેઠાણના પુરાવા તરીકે કરી શકે છે. આ યાદીમાં આધાર, પાસપોર્ટ, મતદાર ઓળખપત્ર, ઈ-રેશન કાર્ડ, જન્મનું પ્રમાણપત્ર જેવા અન્ય દસ્તાવેજોનો સમાવેશ થાય છે.

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ
વલસાડ, વલસાડ વિભાગ, વલસાડ
જાહેર નિવિદા

ટેન્ડર ઈન્કવાયરી નં. 01/2026 તા.22 /10 /2026 ગુ.રા.મા.વા.વ્ય. નિગમ, વલસાડ વિભાગના કુલ ૬ ડેપોના વર્કશોપ તથા કંટ્રોલ પોઈન્ટ, ડિવિઝન ઓફીસ, ટાયર પ્લાન્ટ, ડિવિઝન વર્કશોપ ખાતે ની પી.એમ.ઈ આઈટમ નુ ટેસ્ટીંગ નુ ફક્ત લેબર કામગીરી વાર્ષિક ધોરણે કરાવવા માટેના ટેન્ડરો મંગાવવામાં આવેલ છે. જેમાં સદર કામગીરી કરવામાં આપને રસ હોય તો આપના ભાવપત્રકો સીલબંધ કવરમાં મોડામાં મોડા તા.16 /11/2026 ના રોજ બપોરે 11-00 કલાક સુધીમાં ટપાલથી અથવા રૂબરૂ આવી રહે તે રીતે મોકલી આપવાના રહેશે. ટેન્ડર ફોર્મ મેળવવાનું સ્થળ અને તારીખ એસ.ટી. વિભાગીય યંત્રાલયની કચેરી, ધરમપુર રોડ, અબ્રામા, વલસાડ તા.23/10/2026 થી તા. 16/11/2026 સુધી સમય ૧૦-30 થી ૧૬-૦૦ કલાક સુધી. (રવિવાર તથા જાહેર રજાના દિવસ સિવાય તથા તા. 16/11/2026 ના રોજ 11.00 કલાક સુધીજ સ્વીકારવામાં આવશે.)

નં. માહિતી/વલસાડ/ ૫૦૫/૨૦૨૬

VADODARA MUNICIPAL CORPORATION
Notice Inviting Tender
Websites:www.vmc.gov.in
Empanelment of Third-Party Inspection Agencies (TPIA) for various infrastructure development works under Vadodara Municipal Corporation

Vadodara Municipal Corporation intends to empanel Third Party Inspection Agency (TPIA) for different public works carried out by VMC. Interested and Qualified firm/agency/organization may submit their bid by E-Tendering process through www.nprocure.com from Dt.26-10-2026 in prescribed format as per tender documents along with the necessary certificates and documents and requested to send the sealed envelope (For Verification purpose only) to the City Engineer Office, Khanderao Market Building, Vadodara Municipal Corporation. Vadodara-390209 on or before Dt.18-11-2026 at 04:00 p.m. Last date of submission on n-Procure is Dt.16-11-2026 at 04:00 p.m. The tender is enclosed with terms of reference and forms on websites www.vmc.gov.in, www.nprocure.com

PRO NO.530/26-27 City Engineer(VMC)

નર્મદા, જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
ઈ-ટેન્ડર નોટીસ નં.૧૪ સને ૨૦૨૬-૨૭

કામનું નામ : કા.જ.કા.ન.વિભાગના તાબાના નહેરના ૨ (બે) કામ જેની
અંદાજીત રકમ રૂ. : ૪.૧૦ કરોડ થી ૪.૮૩ કરોડ
અપલોડ તારીખ : તા.૨૬-૧૦-૨૦૨૬ થી ૦૯-૧૧-૨૦૨૬
ડાઉન લોડની છેલ્લી તારીખ : તા.૦૯-૧૧-૨૦૨૬ અને સમય : ૧૮.૦૦ કલાક સુધી
કાર્યપાલક ઈજનેર, કા.જ.કા.નહેર વિભાગ, પહેલા માળે, "સિંચાઈ ભવન" લુડઝ કોન્વેન્ટ સ્કુલની પાસે, અઠવાલાઈન્સ, સુરત-૭ ફોન નં. ૦૨૬૧-૨૬૬૯૦૪૮ રાજ્ય સરકારની માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.gujarat.gov.in તેમજ https://tender.nprocure.com ઉપર જોવા મળશે. તેમજ હવે પછીના કોઈપણ સુધારા ફક્ત ઓનલાઈન મુકવામાં આવશે.

આ કામની વિગતવાર નોટીસ કચેરીના બોર્ડ પર જોવા મળશે, અથવા આ કામ અંગેની વધુ વિગતો કામકાજના દિવસો દરમ્યાન આ કચેરીનો સંપર્ક સાંધવાથી મળશે.

ક્રમાંક.માહિતી-સુરત/૭૯૮/૨૦૨૬

વડોદરા મહાનગરપાલિકા
www.vmc.gov.in
અસલ પ્રમાણપત્રોની ચકાસણી(બીજો તબક્કો)અંગેના કોલલેટર ડાઉનલોડ કરવા બાબત
(જાહેરાત ક્રમાંકઃ૩૯૨/૨૦૨૬-૨૭) અંતર્ગત તદ્દન હંગામી ધોરણે ૧૧ માસ માટે કરાર આધારે કામગીરી માટે સેવા અંગેની જાહેરાત પરત્વે

વડોદરા મહાનગરપાલિકા જાહેરાત ક્રમાંક: ૩૯૨/૨૬-૨૭ અંતર્ગત કરાર આધારિત માસિક ઉચ્ચક પગારથી ૧૧ માસ માટે તદ્દન હંગામી ધોરણે જગ્યા ભરવા માટે નિયત શૈક્ષણિક લાયકાત ધરાવતાં ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજીપત્રક મંગાવવામાં આવેલ. જાહેરાતમાં માંગવામાં આવેલ શૈક્ષણિક લાયકાતમાં ઉમેદવારે ITI /ડિપ્લોમા/સ્નાતક/અનુસ્નાતકમાં મેળવેલ માર્કસ/પર્સન્ટેજના અગ્રતાક્રમ પ્રમાણેની પ્રમાણપત્રો ચકાસણી માટેની બીજા તબક્કાની યાદી વી.એમ.સી. ની વેબસાઈટ **www.vmc.gov.in** ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. સદર યાદીના ઉમેદવારોને અસલ પ્રમાણપત્રોની ચકાસણી અર્થે તા.૨૮-૧૦-૨૦૨૬, બુધવારના રોજ રૂબરૂમાં ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે. જેના કોલલેટર વડોદરા મહાનગરપાલિકાની વેબસાઈટ **www.vmc.gov.in** પરથી તા.૨૩-૧૦-૨૦૨૬, સાંજે ૧૭:૦૦ કલાકથી તા.૨૭-૧૦-૨૦૨૬ રાત્રે ૨૩:૫૯ કલાક સુધી ડાઉનલોડ કરી શકાશે. ઉમેદવારોને અસલ ફોટો આઈ.ડી, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, શૈક્ષણિક લાયકાત અને આનુસાંગિક પુરાવા, જાતિના પ્રમાણપત્ર, અરજીપત્ર અને સુચિત કોલલેટર સાથે અસલ તમામ પ્રમાણપત્રો તથા તેની પ્રમાણિત નકલ સહિત હાજર રહેવા જણાવવામાં આવે છે. ગેરહાજર રહેલ ઉમેદવાર આગળની ભરતી પ્રક્રિયા માટે ગેરલાયક ઠરશે. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવા વિનંતી છે.

પી.આર.ઓ.નં.૫૩૬/૨૬-૨૭ ડે. મ્યુનિ. કમિશનર(વ)

જાહેર નિવિદા
(બીજો પ્રયત્ન)

"મનરેગા/વિકસિત ભારત - ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન (ગ્રામીણ) યોજના" હેઠળ ધરમપુર તાલુકામાં સમાવિષ્ટ ૬૩ ગ્રામપંચાયત માં યોજના હેઠળ ચાલતા કામોમાં માલસામાન ઈ-ટેન્ડરની શરતો મુજબ પૂરો પાડવા માટે જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવે છે. આ કામ માટે ઈ-ટેન્ડર દ્વારા ભાવો મંગવવામાં આવે છે, રસ ધરાવતા ઈજારદારશ્રીઓએ તેમના ભાવો ઈ-ટેન્ડર પદ્ધતીથી મોકલવાના રહેશે. ઈ-ટેન્ડર ડોકયુમેન્ટ www.nprocure.com પર જોવા મળશે, તેમાં જણાવ્યાં મુજબ ટેન્ડર અપલોડ કરી શકાશે. ટેન્ડર ઓનલાઈન ભરવાની તારીખ ૨૭/૧૦/૨૦૨૬ થી શરૂ થશે અને છેલ્લી તારીખઃ- ૧૬/૧૧/૨૦૨૬ ના રોજ ૧૮.૦૦ કલાક સુધી ભરી શકાશે.

સરનામું
તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત ધરમપુર.

પ્રોગ્રામ ઓફિસર
વ
તાલુકા વિકાસ અધિકારી
તાલુકા પંચાયત ધરમપુર

નં. માહિતી/વલસાડ/૫૦૮/૨૦૨૬